**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૭ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૭ ટકા

# આઈઆઈટીઈ ખાતે પ્રો. રાઘવન રંગરાજનનું વકતવ્ય યોજાયું





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન ખાતે ડૉ. વિક્રમ સરાભાઈની જન્મશતાબ્દીની ઉજવણીના ભાગરૂપે શરૂ કરાયેલી એકસ્પર્ટ ડાયલોગ સિરીઝમાં અમદાવાદ યુનિવર્સિટીના અન્ડર ગ્રેજયુએટ કોલેજના ડીન પ્રો. રાઘવન રંગરાજનનું વકતવ્ય યોજાયું હતું. કોલેજના પ્રો. પી.સી. વૈદ્ય ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ વકતવ્યમાં પ્રો. રંગરાજને 'નોબેલ પ્રાઈઝ ઈન ફિઝિકસ ૨૦૧૯-ફિઝિકલ કોસ્મોલોજી એન્ડ એકઝોપ્લેનેટસ' અંગે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રો. રાઘવને વર્ષ ૨૦૧૯માં જે વિજ્ઞાનીઓને ભૌતિક શાસ્ત્રમાં નોબેલ પ્રાઈઝ મળ્યા છે તેઓના સંશોધન ક્ષેત્ર અંગે વાત કરતા વિવિધ દૃષ્ટાંત સાથે કોસ્મોલોજીના મૂળભૂત ખ્યાલોની વિસ્તૃત સમજ આપી હતી. તેમણે ખગોળ શાસ્ત્રીના પીજેઈ પીબલ્સ, મિસેલ મેયર અને ડિડીઅર કલોઝ નામના ત્રણ વિજ્ઞાનીઓના યોગદાન અંગે વાત કરતા ભૂતકાળમાં બ્રહ્માંડની સમજ શું હતી અને વર્તમાનમાં શું છે તથા ભવિષ્યમાં કેવી સમજ હશે તે વિશે સમજ આપી હતી. તેમણે સાપેક્ષતાનો સિધ્ધાંત અંતરિક્ષની રચનાને સમજવામાં કેવી રીતે મુખ્ય ભૂમિકા ભજવે છે તે સહિતની બાબતો ખગોળશાસ્ત્રીય નિરીક્ષણ પ્રક્રિયા અને વિશ્લેષણાત્મક ગણતરીઓથી સમજાવી હતી. તેમણે વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના પણ આનંદથી જવાબ આપ્યા હતા.



એકટીવ વુમન્સ કલબ ગાંધીનગર દ્વારા બહેનો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડબ્બા ઉજાણી તથા સરપ્રાઈઝ ગેમ અને વન મિનિટ ગેમ રમાડવામાં આવી હતી. જેમાં હિનાબેન પંડયા, છાયાબેન પંચાલ, દિવ્યાબેન તથા ફાલ્ગુનીબેન વિજેતા થયા હતા. ગેમમાં વિજેતાને ઈનામ ભારતીબેન પોપટ તરફથી આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારતીબેન સુતરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સરકારી વિજ્ઞાન કોલેજના એનસીસી ઓફિસર ડૉ. જીજ્ઞાસા વાઘેલાનું રાજ્યપાલના હસ્તે સન્માન

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના એનસીસી ઓફિસર ડૉ. જીજ્ઞાસા વાઘેલાને તાજેતરમાં રાજભવન ખાતે યોજાયેલા એનસીસી ગુજરાત ડાયરેકટરેટના સમારંભ દરમ્યાન રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે સન્માનિત કરવામાં આવ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. જીજ્ઞાસા વાઘેલાને આ સન્માન આપવા પાછળનું મુખ્ય કારણ એ હતુ કે ગ્વાલિયર ખાતેની ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી ખાતે યોજાયેલી તાલીમ દરમ્યાન તેમને ''શ્રેષ્ઠ એસોસિએટ એનસીસી ઓફિસર''નો ખિતાબ જીત્યો હતો તેટલુ જ નહી પરંતુ



સમગ્ર તાલીમ દરમ્યાન તેમના સર્વાંગી શ્રેષ્ઠ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ''ડાયરેક્ટર જનરલ એનસીસી ટ્રોફી''થી પણ નવાજવામાં આવ્યા હતા. ડૉ. જીજ્ઞાસા વાઘેલાએ તેમના શ્રેષ્ઠ યોગદાન થકી ફક્ત વિજ્ઞાન કોલેજનું જ નહી પરંતુ ગાંધીનગર સહિત ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.

## સે-૭-એ વસાહત મંડળની વાર્ષિક સભામાં ગત વર્ષના સભ્યોની આ વર્ષ માટે ફરી નિમણુંક

ગાંધીનગર, તા.૧૨

વસાહત મંડળ સે-૭-એની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલ કાર્યો તથા ઉત્સવોની ઉજવણી સાથે કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી કામગીરીનો અહેવાલ મંડળના પ્રમુખ શિવાભાઈ જે. પટેલ દ્વારા તથા ખજાનચી અમૃતભાઈ પટેલ દ્વારા વર્ષ દરમિયાનના વાર્ષિક હિસાબને રજૂ કરવામાં આવ્યા હતા.

વસાહત મંડળની વર્ષ ૨૦૨૦ની કારોબારી માટે પ્રમુખ શિવાભાઈ જે. પટેલ ઉપપ્રમુખ જશવંત ગાંધી, મંત્રી હર્ષદભાઈ કે. પટેલ સાથે તમામ હોદ્દેદારો અને ૧૩ કારોબારી સભ્યોને આ વર્ષ માટે પણ ફરી નિમવામાં આવ્યા હતા. આ ઉપરાંત સે-૭-ના બગીચાનું નવીનીકરણ કરવામાં પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર પ્રવિણભાઈ સાથે મેયર અને ડેપ્યુટી મેયર તથા સમગ્ર કોર્પોરેશનના સ્ટાફનો મહત્વનો ફાળો હોવાથી તેમનો તથા મંડળના પ્રમુખ તથા ખજાનચી છેલ્લા ૨૦ વર્ષથી સતત કાર્યરત હોવાથી તેમનો મંડળના ઉપપ્રમુખ જશવંત ગાંધી દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## ઉનાળાના આગમન પહેલા વાવોલમાં પડયો પાણીનો પોકાર!!

### વાવોલની એક સોસાયટીમાં મુખ્ય બોરની મોટર બળી જતાં પાણીના ટેન્કરો મંગાવવા પડયા : બે દિવસની હાલાકી બાદ મોટર રીપેર થતા રાહત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના વાવોલ ખાતે એક સોસાયટીમાં બોરની મોટર બળી જવાને કારણે છેલ્લા બે દિવસથી ઉનાળા પૂર્વે જ પાણીના કકળાટની સ્થિતિ પેદા થઈ જવા પામી છે. સોસાયટીની મુખ્ય અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકી જ ખાલી રહેતા ફરજિયાત પાણીના ટેન્કરોની હારમાળા લગાવી વસાહતીઓ માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી જયારે સોસાયટીમાં કેટલાક બ્લોકમાં વસાહતીઓએ વધારાના પાણી માટે પોતાને ખર્ચે ટેન્કર મંગાવી ત્રણ માળના ફલેટના ધાબે રહેલી ઓવરહેડ ટેન્કમાં પાણી ચડાવ્યું હતું. આ સમસ્યાને પગલે સોસાયટીના નોકરિયાતો-વ્યવસાયિકો તથા વિદ્યાર્થીઓને સવારના સમયે પરેશાનીનો ભોગ



બનવું પડયું હતું.

વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટમાં ત્રણ માળના ૧૨ ફલેટસ ધરાવતા ૧૦ બ્લોક છે જે પૈકી એક બ્લોકમાં ૯ ફલેટસ છે. આ તમામ બ્લોકસ પર ઓવરેહડ ટાંકી બનાવાઈ છે જયારે સોસાયટીની મુખ્ય ટાંકી અન્ડરગ્રાઉન્ડ છે. જેમાં બોર દ્વારા પાણી ભરાય છે. આ ટાંકીમાંથી દરેક બ્લોકમાં મોટર દ્વારા ઓવરહેડ ટેન્કમાં પાણી ભરવામાં આવે જે ફલેટના રહીશોને ઘરમાં આવે છે. હવે બે દિવસ પૂર્વે સોસાયટીની મુખ્ય ટાંકીમાં પાણી ભરાતા બોરની મોટર બળી જતાં તેનું રીપેરીંગ કાર્ય હાથ ધરવું પડયું જેના કારણે મુખ્ય ટાંકી ખાલી રહેતા તમામ બ્લોકમાં મોટરો બંધ રાખવી પડી અને વસાહતીઓને પાણીના ફાંફા થઈ પડયા હતા. જો કે સોસાયટીના હોદ્દેદારોએ તુરંત વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે બહારથી પાણીના ટેન્કર્સ મંગાવી મુખ્ય ટાંકી ભરી હતી જેથી વસાહતીઓ માટે પાણીની વ્યવસ્થા થઈ શકે. આ ટાંકી ભરવા સવારથી સોસાયટીમાં પાણીના ટેન્કરોની આવનજાવન શરુ થઈ ગઈ હતી. વળી જે બ્લોકમાં રહીશોને વધુ પાણીની જરૂર જણાઈ ત્યારે તેણે જાતે મળીને પણ ટેન્કર્સ મંગાવતા સોસાયટીમાં પાણીની કટોકટીના સમય જેવી સ્થિતિ જોવા મળી હતી. આજે મોડી સાંજે મુખ્ય મોટર રીપેર થતા રહીશોએ રાહતનો દમ લીધો હતો.

## એસ.કે. પટેલ મેનેજમેન્ટ કોલેજમાં પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાઈ




ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સેકટર-૨૩ની એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ કોલેજ દ્વારા યોજાયેલ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ સહાય મળવા પામી છે. સંસ્થાના વિદ્યાર્થીઓને વિવિધ નામી-અનામી રાષ્ટ્રીય બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પ્લેસમેન્ટ પ્રાપ્ત થયું છે.

એસ.કે. પટેલ મેનેજમેન્ટ કોલેજના પ્લેસમેન્ટ વિભાગ દ્વારા દર વર્ષે પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજવામાં આવે છે જેમાં અનેક કંપીઓ આવીને કેમ્પસ ઈન્ટરવ્યુ દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરી જોબ ઓફર કરે છે. છેલ્લા ૨૦ વર્ષથી યોજવામાં આવતી પ્લેસમેન્ટ ડ્રાઈવનો રેકોર્ડ ઘણો સારો રહેવા પામ્યો છે અને આ વર્ષે પણ સો ટકા પ્લેસમેન્ટ સહાય મેળવવામાં કોલેજને સફળતા પ્રાપ્ત થઈ છે. વિદ્યાર્થીઓને ગોદરેજ એન્ડ બોયસ, કોલગેટ પામોલિવ, હિન્દુસ્તાન લીવર, કોકોકોલા, પેપ્સીકો, પાર્લે એગ્રો, ડીએચએફએલ, એસબીઆઈ સિકયુરિટી, એચડીએસસી બેંક, એકિસસ બેંક, સેલ્સ ઈન્ડિયા, રિલાયન્સ, સીમ્સ હોસ્પિટલ, વાઘબકરી, તલોદ ઈન્સ્ટન્ટ મીકસ, એલેમ્બિક ફાર્મા, હનિવેલ સહિતની અનેક નામી-અનામી રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓમાં જોબ પ્લેસમેન્ટ પ્રાપ્ત થયું છે.

# વેલેન્ટાઈન ડેમાં ચોકલેટ બુકેનો વધતો ક્રેઝ

## રીઅલ રોઝ બુકે સાથે ચોકલેટ રોઝ બુકે ટ્રેન્ડમાં : કસ્ટમાઈઝ ફોટો બુકે અને ઈટએબલ ચોકલેટ ફોટો બુકેનું આકર્ષણ


ગાંધીનગર, તા.૧૨

પ્રેમની અભિવ્યિકતના દિવસ વેલેન્ટાઈન ડેને હવે એક જ દિવસની વાર છે ત્યારે યુવાનોથી લઈ મોટા દરેક આ દિવસની તૈયારીઓમાં લાગી ગયા છે. આ દિવસે એકબીજાને પ્રેઝન્ટ (ગીફટ) તો અપાય જ છે. પરંતુ પ્રેમનું પ્રતિક ગણાતું એવું રેડ રોઝ તો પોતાના પ્રિય વ્યકિતને આપવાનું કોઈ ચુકતું જ નથી ત્યારે હવે આજથી શહેરમાં રોઝના ભાવમાં વધારો જણાય છે.

ગત દિવસ સુધી રેડ રોઝ ૨૦થી ૨૫ રૂ.માં મળતા હતા. જેનો ભાવ આજે ૩૦ રૂ. પ્રતિ નંગથી ૪૦ રૂ. થયો છે અને બુકેનો ભાવ ૧૦૦ થી લઈ ૫૦૦૦ રૂ. સુધીનો થયો છે. પરંતુ હાલની પેઢી હવે રોઝની જગ્યાએ પોતાની ગમતી વ્યકિતને જરૂરી હોય તેવી ચીજવસ્તુ આપવામાં માની રહી છે ત્યારે ચોકલેટ ફલાવરનો તથા ચોકલેટ બુકેનો ક્રેઝ શહેરીજનોમાં આ વખતે વધુ જોવા મળી રહ્યો છે. જે પ્રતિ નંગ ૨૦ રૂ. અને બુકે ૧૦ રૂ.થી લઈ ૧૫૦૦ રૂ. સુધી ગાંધીનગરમાં વેચાઈ રહ્યા છે.

શહેરીજનો વેલેન્ટાઈન ડેને લઈને ઉત્સાહિત જણાઈ રહ્યા છે. ૧૪મી ફેબ્રુઆરીને આ દિવસને હવે એક જ દિવસ બાકી છે ત્યારે આજે રોઝ અને બુકેની ખરીદી ધુમ થશે. સાથે આ વર્ષે ચોકલેટ ફલાવર અને બુકેનો ક્રેઝ વધવાથી મેકિંગ ઓર્ડરમાં વધારો થઈ રહ્યો છે. શહેરમાં ચોકલેટ મેકીંગ કરતા કવિતા કોટકના જણાવ્યા અનુસાર, ગયા વર્ષ કરતા આ વર્ષે ચોકલેટ બુકેનો ટ્રેન્ડ વધુ છે. ગ્રાહક કાંઈક નવું માંગે છે. ગ્રાહકનું માનવું છે કે રીઅલ રોઝ એક દિવસની મેમરી આપે છે જયારે ચોકલેટ ફલાવર અને બુકેમાં તેમની પ્રિય વ્યકિતને પસંદીત ચોકલેટ ફલેવર તથા ગીફટનો ઉમેરો તેઓ કર શકે છે. જે લોન્ગ ટાઈમ મેમરી આપે છે. હાલ શહેરમાં આ દિવસ માટે હાર્ટ, લીપ્સ, રોઝના આકારની ચોકલેટ ડિમાન્ડમાં છે તથા હાલ સિમ્પલ, ફ્રુટ, રસમલાઈ,







બ્રાઉની, ડ્રાયફ્રુટ ક્રંચ અને ચીલી ચોકલેટ અમે બનાવીએ છીએ જેમાં ગ્રાહક તેની પંદગી અનુસાર ફલેવર્ડ ચોકલેટ બુકેમાં ઉમેરી શકે છે. આ બુકે હાલ ગાંધીનગરમાં ૧૦૦ રૂ.થી શરૂ થઈને ૧૫૦૦ રૂ. સુધીમાં બને છે. જેમાં અલગ અલગ વસ્તુ ઉમેરી કિંમતમાં વધઘટ થાય છે. વેલેન્ટાઈન ડે નિમિત્તે સૌથી વધુ ૩૦૦ રૂ. અને ૫૦૦ રૂ.ની કિંમતના બુકે વેચાઈ રહ્યા છે. બુકેમાં ચોકલેટ, રીઅલ ફલાવર, ટેડીબીઅર અને ગીફટનો સમાવેશ થાય છે. ગ્રાહકની જરૂરિયાત મુજબ ભાવમાં વધઘટ થાય છે. આ ઉપરાંત કસ્ટમાઈઝડ બુકે બનાવવા માટે ગ્રાહક દ્વારા ફોટો આપવામાં આવે છે જે ચોકલેટ ઉપર વાર્પ કરાય છે. આ ઉપરાંત ઈટેબલ ફોટો ચોકલેટનું ચલણ પણ શહેરમાં વધુ છે.

આમ વેલેન્ટાઈન ડે નિમિત્તે રીઅલ રોઝ સાથે ચોકલેટ રોઝનો ક્રેઝ શહેરમાં વધી રહ્યો છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેકડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન** - ૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -૩** - ૭.૦૦
**તાન્હાજી** - ૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેકડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેકડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મલંગ**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**તાન્હાજી** - ૯.૩૦
**શિકારા**
૧૨.૩૦, ૧૦.૦૦
**હેકડ** - ૩.૦૦, ૭.૪૫
**જવાની જાનેમન** - ૧૨.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૫.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૩૦
**સ્ટ્રીટ ડાન્સર** -૩.૩૦, ૯.૩૦

## બાલવા ચોકડીએ એસ.ટી. બસ સ્ટેન્ડ બનાવવા માંગ

ગાંધીનગર, તા.૧૨

બાલવા ચોકડીએ એસ.ટી. બસ થોભો વર્ષોથી બસ સ્ટેન્ડ ચાલુ છે. પરંતુ પીકઅપ બસ સ્ટેન્ડ ન હોવાથી નાના બાળકો સાથેની મહિલાઓ, વયસ્કોને ઉનાળાની ગરમી, શિયાળાની ઠંડી, ચોમાસામાં વરસાદથી મુસાફરોને શારીરિક તકલીફ પડે છે.

માણસાના ધારાસભ્ય ફંડ, સંસદસભ્ય ફંડ, આયોજન મંડળની ગ્રાન્ટ, તાલુકા પંચાયત સ્વભંડોળની ગ્રાન્ટમાંથી પીકઅપ બસ સ્ટેન્ડ બની શકે તેમ છે. સ્ટેન્ડ ન હોવાથી બીજા જાણકાર ડ્રાઈવરો એસ.ટી. ઉભી રાખતા નથી. પરિણામે મુસાફરો હેરાન થાય છે. બાલવાના અગ્રણી સુરેશભાઈ ત્રિવેદીએ આ અંગે રજુઆત કરેલ છે.

## દુઃખદ અવસાન

સ્વ. જયશંકર મુળશંકર જોષી (જેભાઈ)નું બેસણું તા. ૧૩-૨-૨૦૨૦ને ગુરુવારના રોજ સવારે ૮ થી ૧૧ મહાકાલેશ્વર મહાદેવ કમ્પાઉન્ડ, ગાયત્રી મંદિરની બાજુમાં, સે-૧, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. લીલાભાઈ રાયચંદભાઈ વાઘેલા, ઉ.વ. ૫૦
- સ્વ. પ્રવિણ સોમાભાઈ ભીલ, ઉ.વ. ૨૪
- સ્વ. કોલી મોતીભાઈ લાખાભાઈ, ઉ.વ. ૬૨